ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

તા: ૧૯/૧૦/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા યોજાયેલ ખાદ્યપદાર્થ ભેળસેળ ચકાસણી કાર્યક્રમ

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સમગ્ર ભાવનગર જિલ્લામાં સમાજમાં વૈજ્ઞાનિક જાગૃતિ આવે તે માટે શાળા, કોલેજ તથા મહિલા મંડળોમાં વિવિધ વૈજ્ઞાનિક કાર્યક્રમો કરવામાં આવે છે.

જેના અનુંસંધાને તા.૧૯ ઓકટોબરને સોમવારના રોજ મોતીબાગ ટાઉનહોલ ખાતે આંગણવાડી કાર્યકર્તા બહેનો માટે વર્તમાન સમયમાં બજારૂ ચીજ વસ્તુઓમાં જોવા મળતી ભેળસેળ જેવી કે મરચામાં ઈંટનો ભૂકો, ચાની ભૂકીમાં વપરાયેલી ચાની ભૂકી, સારા ગુણવત્તાવાળા ઘઉંમાં ઓછી ગુણવત્તાવાળા ઘઉંની ભેળસેળ અને કાળા મરીમાં પપૈયાના બી ની ભેળસેળ વિશેની પ્રાયોગિક રજુઆત કરીને તેને ચકાસવાના ઘરગથ્થુ ઉપચારો સમજાવેલ.

આ ઉપરાંત વર્તમાન સમયમાં લોકો પોતાની રોજિંદી જીવનશૈલીમાં વધુમાં વધુ ઉપયોગમાં લેતા ફાસ્ટફુડ આરોગ્યને કેવી રીતે નુકશાન કરે છે તેની જાણકારી આપીને **ખોરાક અને આરોગ્ય સિકકાની બે બાજુઓ છે** તેવું જણાવીને બહેનો પોતાના પરીવાર અને બાળકોના આરોગ્યની જાળવણી વિશે જાગૃત રહે તેવું માર્ગદર્શન સંસ્થાના સાયન્સ કોમ્યુનીકેટરે આપેલ. આ કાર્યક્રમ દ્વારા કુલ મળીને **૧૨૨** આંગણવાડી કાર્યકર્તા બહેનોએ માહિતી મેળવેલ. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શ્રી રીટાબેન દવે ( I.C.D.S સુપરવાઈઝર ઘટક–૨) એ પૂરતો સહકાર આપેલ.

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.